# મોડાસાની ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજમાં કર્મચારીએ વિદ્યાર્થીને ઢોર માર મારતા હોબાળો

મોડાસા, તા. ૧૦

મોડાસા-માલપુર રોડ પર આવેલી ભાગ્યલક્ષ્મી નર્સિંગ



કોલેજમાં વિદ્યાર્થિનીને કોલેજના અન્ય વિદ્યાર્થીએ મોબાઈલ કોલ કરી મજાક કરતા નર્સિંગ કોલેજના કર્મચારીએ વિદ્યાર્થિનીએ કોઈ પણ જાતની ફરિયાદ કરી ન હોવા છતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને માર મારતા વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ અને કર્મચારીઓની કામગીરીથી અકળાઈ ઉઠી શિક્ષણનો બહિષ્કાર કરતા મેનેજમેન્ટ ટ્રસ્ટીઓ નર્સિંગ કોલેજમાં દોડી પહોંચી મામલો થાળે પાડવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

મોડાસાના સાકરીયા નજીક આવેલ ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ કોલેજની અન્ય વિદ્યાર્થિનીને મોબાઈલ કોલ કરી મજાક કરતા નર્સિંગ કોલેજના



કર્મચારી સંદીપ પટેલે વિદ્યાર્થીને માર મારતા વિદ્યાર્થીની લોહી-લુહાણ હાલત જોઈ વિદ્યાર્થીઓ પણ ચોકી ઉઠ્યા હતા અને અન્ય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સંદીપ પટેલ માનસિક અને શારીરિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે કોલેજના વિદ્યાર્થીઓએ હોબાળો કરી શિક્ષણકાર્યનો બહિષ્કાર કરી સંદપિ પટેલ સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. વિદ્યાર્થીઓના હોબાળાના પગલે ટ્રસ્ટીઓ અને વિદ્યાર્થીઓના વાલીઓ કોલેજ દોડી આવ્યા હતા. કોલેજના ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓને સમજાવવાના પ્રયત્નો હાથ ધરી મામલો થાળે પાડવા પ્રયત્નો હાથ ધર્યા હતા. વિદ્યાર્થીઓએ સંદીપ પટેલને કોલેજમાંથી બરતરફ કરવાની માંગ યથાવત રાખતા મામલો ગૂંચવાયો હતો.

# ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આશાબેનની પેનલનો વિજય

ઊંઝા, તા. ૧૦

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનુ અને આર્થિક રીતે સંગીન સ્થિતિ ધરાવતી ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડૂત





વિભાગના આઠ અને વેપારી વિભાગના ચાર મળી કુલ બાર ડીરેક્ટરોની યોજાયેલ ભારે પ્રતિષ્ઠાના જંગભરી સામાન્ય ચૂંટણીનું આજે પરિણામ જાહેર થતાં ભાજપના ધારાસભ્ય ડૉ. આશા પટેલના સમર્થક દિનેશ પટેલ અને શિવમ રાવલ જૂથની વિકાસ પેનલનો વિજય થયો છે. જ્યારે ભાજપના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલના પુત્ર અને બજાર સમિતિના પૂર્વ ચેરમેન ગૌરાંગ પટેલના સમર્થક કહેવાતા બે વેપારીઓ સ્વતંત્ર રીતે ચૂંટણી લડીને વિજય થયા છે. આથી દિનેશ પટેલ જૂથમાં વેપારી વિભાગમાં વિકાસ પેનલમાં ચાર પૈકી બે સભ્યો જ વિજયી થયા છે અને બે સભ્યો ચૂંટણી હારી જતાં વિકાસ પેનલ તૂટી છે. જ્યારે ખેડૂત વિભાગમાં વિકાસ પેનલના આઠેય ઉમેદવારો વિજયી બન્યા છે. ખેડૂત વિભાગના આઠ સભ્યો માટે ૧૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા જેમાં વિકાસ અને વિશ્વાસ પેનલ સામ સામે ટકરાઈ હતી.

આ ચૂંટણીમાં દિનેશ પટેલ અને શિવમ રાવલ જૂથનો ચૂંટણીમાં વિજય થતાં તેમના સમર્થકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અબીલ ગુલાલ ઉછાળી ફટાકડા ફોડી, ડીજેના તાલે ઝુમીને વિજયોત્સવ મનાવ્યો હતો. કહે છેકે આ ચૂંટણીમાં મતદારોને રીઝવવા માટે બેફામ ખર્ચા કરવામાં આવ્યા હતા.

ઊંઝા બજાર સમિતિમાં વર્ષો બાદ સત્તા પરિવર્તનથી ભાજપના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલ અને તેમના પુત્ર ગૌરાંગ પટેલનો રાજકીય અને સહકારી ક્ષેત્ર પરનો દબદબો અને સત્તાનો અંત આવ્યો છે તેવુ ચર્ચાય છે.

કહે છે કે ઊંઝા બજાર સમિતિની ચૂંટણીને પગલે ઊંઝાના કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. આશા પટેલે કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં પ્રવેશી ભાજપની ટિકિટના આધારે પણ ઊંઝા વિધાનસભાની પેટા ચૂંટણીમાં વિજયી થઈ તેમના સમર્થકોને બજાર સમિતિની ચૂંટણીમાં વિજયી બનાવવામાં સફળતા મેળવી છે.

બજાર સમિતિના ખેડૂત મત વિભાગની ચૂંટણીમાં રાવલ શિવપ્રસાદ શાંતિલાલ, પટેલ દિનેશકુમાર અમથાભાઈ, પટેલ અંબાલાલ જોઈતારામ, પટેલ રમેશભાઈ છગનભાઈ, પટેલ રાજેન્દ્રકુમાર શંકરલાલ, પટેલ અમૃતભાઈ મૂળચંદદાસ, પટેલ જયંતિભાઈ શીવરામ, પટેલ સંજયકુમાર મફતલાલ ચૂંટાયા છે. જ્યારે વેપારી મત વિભાગમાં પટેલ અરવિંદભાઈ સોમાભાઈ, પટેલ નરેન્દ્રકુમાર કાનજીદાસ, પટેલ વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ અને પટેલ ચંદુભાઈ ઈશ્વરભાઈ વિજયી થયા છે.

# પ્રાંતિજના પોગલુ ખાતે સગર્ભા મહિલાઓની તપાસ તથા સુખડી વિતરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે સુખડી વિતરણ કાર્યક્રમ અને સગર્ભા



મહિલાઓની તપાસ સહિતનો કાર્યક્રમ યોજાયો હતો.

પોગલુ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પોગલુ તથા પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોગલુ તથા આજુબાજુમાં આવેલ ગામોની સગર્ભા મહિલાઓને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું તો પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓને ફ્રી ચેકઅપ કેમ્પ પણ યોજાયો હતો જેમાં તાલુકા હેલ્થ કચેરીના ડૉકટર અમૃતભાઈ સોલંકી, ડૉકટર એન.કે. ડેરિયા, ડૉકટર ચંદ્રિકાબેન જાદવ દ્વારા સગર્ભા મહિલાઓની તપાસ બાદ સમજણ આપવામા આવી હતી. આ પ્રસંગે પોગલુ મહંત સુનીલદાસજી મહારાજ, જાયન્ટસ પોગલુ પ્રમુખ મનુભાઈ રામચંદાણી, પોગલુ મહિલા સરપંચ રમીલાબેન પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, જાયન્ટસ મંત્રી અનુજભાઈ પટેલ, પ્રાંતિજ નગરપાલિકા કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી સહિત પોગલુ જાયન્ટસ ગૃપના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.



**આજથી શૈક્ષણિક સત્ર શરૂ, બાળકોના કલરવથી શાળા પરિસર ગુંજી ઉઠ્યું**

ગુજરાતની શાળાઓમાં ઉનાળા વેકેશનની ૩૫ દિવસની રજાઓ આજે પૂર્ણ થતા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જેને લઈ આજથી જિલ્લામથક પાલનપુરની શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી હતી. વહેલી સવારથી જ નાના ભૂલકાઓ વિદ્યાર્થીઓ સ્કુલ યુનિફોર્મમાં તૈયાર થઈ શાળાએ જવા રવાના થયા હતા. રાજ્યની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આજથી ફરી ધમધમવા લાગી છે. થોડાક દિવસો અગાઉ રાજ્ય સરકાર સમક્ષ ઉનાળામાં પડી રહેલી કાળઝાળ ગરમીને પગલે વેકેશન લંબાવવાની માગણી કરી હતી પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાબેતા મુજબ નવા શૈક્ષણિક સત્ર શરૂ થાય તેવા અભિગમના પગલે આજથી તમામ શાળાઓ શરૂ થઈ છે ત્યારે ઉનાળુ વેકેશન દરમિયાન સુમસામ ભાસતી શાળાઓ પુન ધમધમી ઉઠી છે. નવા શૈક્ષણિક સત્રની શરૂઆતની સાથે રાજ્ય સરકાર દ્વારા શાળાઓમા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે રાજ્ય સરકારના મંત્રીઓ અધિકારીઓ અને પદાધિકારીઓ પણ ગામડાઓમાં આવેલી શાળાઓમાં આવશે.

# "ડાક પાર્સલ" લખેલ મીની ટ્રકમાં ૧૦.૪૪ લાખનો વિદેશી દારૂ ઘુસાડવાના કીમિયાને નિષ્ફળ બનાવતી શામળાજી પોલીસ

રતનપુર ચેકપોસ્ટ પરથી અધધ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. શામળાજી પોલીસની આંખમાં ધૂળ નાખવા "ડાક પાર્સલ" લખેલી મીની ટ્રકની પાછળ "બેટી બચાવો બેટી પઢાઓ" અને "સ્વચ્છ ભારત" સ્લોગન લખી મીની ટ્રકમાં પાર્સલ બનાવી સંતાડેલો ૧૦.૪૪ લાખનો વિદેશી દારૂ શામળાજી ઝડપી પાડી ટ્રક ચાલકને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કેતન વ્યાસ અને તેમની ટીમે પ્રોહિબિશન ડ્રાઈવ હેઠળ અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર અને આજુબાજુના અંતરિયાળ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરી બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બન્યા છે.

શામળાજી પોલીસે વેણપુર ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતા "ડાક પાર્સલ" લખેલ મીની ટ્રકમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૮૮ કીં. રૂ.૧૦૪૪૦૦૦ જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક સોનુ મનોહરલાલ ચમાર (રહે, કૈમરી, હરિયાણા)ની ધરપકડ કરી મીની ટ્રક (ગાડી.નં-એમએચ. ૦૪. એચવાય. ૯૮૭૯)ની કિ. રૂ.૧૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૫૦૦ મળી કુલ રૂપિયા ૨૦,૪૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર અનિલકુમાર સતબીરસીગ ભામબુ મુળ રહે. ફલેટ નંબર ૨૦૫ શ્રી ક્રિષ્ણાબીલ્ડીગ રહાનાલ ભીવાન્ડી મહારાષ્ટ્ર (હાલ રહે. ઓટોમારકેટ હિસ્સાર હરીયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના સેનેટ મેમ્બર પાંચડાના મહેમાન બન્યા હતા

શનીવારના રોજ પાટણ લૉ કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્ય,



કુટુમ્બ કલ્યાણ સમિતિ ન્યાયાલય કોર્ટના સભ્ય, પોલીસ કલ્યાણ સમિતિના સભ્ય, કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ પ્રવક્તા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહિલા સમન્વયના મહિલા સંયોજિકા એવા રાષ્ટ્રહિત સર્વોપરી જેમનો જીવનમંત્ર છે એવા ડૉ અવનિબેન આલ અમ્બાજી માઁ જગદમ્બાના દર્શન કરી મુકતેશ્વર ચામુંડા માતાજીના દર્શન કરી મહંત મધુરગિરી બાપુને મુલાકાત લઈ પાંચડા ગામે કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દરજીના ઘરે શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુકેશભાઈ દરજીએ ડૉ અવનિબેન આલનુ શાલ અને ભગવદગીતાના પુસ્તક દ્વારા સન્માન કર્યુ હતુ.

# પ્રાંતિજ ખાતે સિનિયર સિટીઝન મંડળની વાર્ષિક પ્રથમ સાધારણ સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત સિનિયર સિટીઝન મંડળની પ્રથમ વાર્ષિક સામાન્ય સભા પ્રાંતિજ ખાતે આવેલ પાંજરાપોળ ખાતે યોજાઈ હતી જેમાં સિનિયર સિટીઝનના કારોબારી સભ્યો સહિત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે કાર્યરત સીટીઝન મંડળની પ્રથમ વાર્ષિક સાધારણ સભા પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ પાંજરાપોળ ખાતે યોજાઈ હતી જેમાં સૌ પ્રથમ ગણેશ વંદના કાર્યક્રમથી સભાની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૧૯ સુધીમાં અવસાન થયેલ સિનિયર સિટીઝન મંડળના સભ્યો તથા સુરત ટયુશન કલાસીસમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

ઉપસ્થિત મહેમાનોનું ફૂલછડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીઝન મંડળના સક્રિય સભ્ય અને કારોબારી સભ્ય મણીભાઈ કે.પટેલ કે જેવો પોતાના પરિવાર સાથે અમેરિકા સ્થાયી જવા જઈ રહ્યા છે તેવોનુ તથા તેમના ધર્મપત્નીનું



ફૂલછડી અને શાલ ઓઢાડીને સિનિયર સિટીઝન મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અરવિંદભાઈ મોદી દ્વારા જનકલ્યાણ યોજના તથા મંત્રી શર્મિષ્ઠા બેન ખમાર દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમ તથા યોજાનારા કાર્યક્રમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

મંડળના ખજાનચી પ્રભુદાસભાઈ પ્રજાપતિ દ્વારા ગતવર્ષના હિસાબોનું વાંચન કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ સી.કે.પટેલ અનિવાર્ય કારણોસર હાજર રહી શકયા ન હતા પણ તેવોએ મંડળના સભ્યો માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. મંત્રી ધનજીભાઈ પટેલ દ્વારા મંડળના સભ્યો તથા ઉપસ્થિત મહેમાનોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપપ્રમુખ મનુભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપી સન્માન કર્યું હતું.



**ઝાલોરના સાંસદ દેવજીભાઇ પટેલનું જલોતરા ગામે ઉષ્માભર્યું સ્વાગત કરાયું**

ઝાલોરના સાંસદ દેવજીભાઈ પટેલ અંબાજી જતા હોય જલોતરા ગામે આવતા જલોતરા ગ્રામજનો દ્વારા સાંસદ દેવજીભાઈ પટેલ ને ઉમળકાભેર આવકાર સાથે ફુલહાર, શાલ તથા પાઘડી(ફાળીયુ) પહેરાવી ભારે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં જલોતરા ગ્રામજનો તથા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

## ઉકળાટમાં વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચલાવવા પડી રહ્યાં છે. સતત ઉકળાટ અને ગરમીથી શહેરીજનો ત્રસ્ત થઈ રહ્યાં છે અને ક્યારે વરસાદી રમઝટ સાથે મેઘરાજાની એન્ટ્રી થાય અને સર્વત્ર ઠંડક પ્રસરે તેની વાટ જોઈ રહ્યાં છે.

ગત સપ્તાહમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૪ ડિગ્રી સે. ની ઉપર રહેતો હતો જે આજે ઘટીને ૪૩.૨ ડિગ્રી સુધી નીચે આવ્યો છે. ભેજનું પ્રમાણ પણ સવારે છેલ્લાં ત્રણ દિવસમાં સતત વધતુ જોવા મળ્યું છે. વહેલી સવારથી જ ગરમીનો અનુભવ થવા લાગે છે જે બપોરના સમયે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે છે. સાંજના સમયે ઉકળાટ-બફારાની સ્થિતિ વધુ અનુભવાય છે જે રાત્રિના મોડે સુધી રહે છે. વહેલી પરોઢે જ્યારે ઠંડા પવન શરૂ થાય છે ત્યારે જ ઠંડકનો અનુભવ થાય છે. આ સ્થિતિમાં હવે જલ્દીથી મેઘરાજા પધરામણી કરે તેની શહેરીજનો કાગડોળે વાટ નિહાળી રહ્યાં છે.

## વાવેતર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ રોડથી સચિવાલય પોલીસ ભવનના માર્ગોને પણ આવરી લેવામાં આવશે. પામ, બોગનવેલ અને ગરમાળાના વાવેતરથી રોડનો નિખાર વધશે. આ માટેની જવાબદાર કર્મયોગીઓ દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. આ ૧૨ કિ.મી. જેટલા માર્ગો પર એક અંદાજ મુજબ ૫૦ હજારથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. નિયમિત જળ ઉપલબ્ધ થતાં આ માર્ગ પર હરિયાળી પણ બની રહેશે.

## તપન રે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિવર્સિટીની વૂડ્રો વિલ્સન સ્કૂલમાંથી પબ્લિક પોલિસીમાં ડિગ્રી ધરાવે છે તેમજ અમેરિકાની સાયરાક્યુસ યુનિવર્સિટીની મેક્સવેલ સ્કૂલમાંથી માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનની ડિગ્રી ધરાવે છે. પોતાની નવી પોઝિશનમાં શ્રી રે ગિફ્ટ સિટીની વ્યૂહાત્મક વૃદ્ધિ માટે જવાબદાર રહેશે.

છેલ્લાં ચાર વર્ષમાં ગિફ્ટ સિટીએ સ્થાનિક અને એસઈઝેડમાં જબરદસ્ત પ્રગતિ કરી છે, જેમાં આઈએફએસસી – બિઝનેસ ઓપરેશન સામેલ છે. અત્યારે ગિફ્ટ સિટીમાં આશરે ૨૦૦ કંપનીઓ કાર્યરત છે, જેનાં ૯,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે. ગિફ્ટમાં બેંકિંગ અને વીમા ક્ષેત્રની મોટી કંપનીઓ સાથે આઈટી અને આઈટીઈએસ કંપનીઓમાંની કેટલીક અગ્રણીઓ કામ કરે છે. ગિફ્ટ આઈએફએસસીમાં અંદાજે ૧૨ મોટી ભારતીય બેંકો કામ કરે છે, જેથી વિદેશી ચલણમાં બિઝનેસનાં નાણાકીય વ્યવહારો ૧૮ અબજ ડોલરને આંબી ગયા છે.

## એક્ઝીબીશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતે દેશમાં પ્રથમ ૧૯૦૭માં એલેમ્બીક ફાર્મા સ્થાપીને દવા ઊદ્યોગના ભારતમાં શ્રીગણેશ કર્યા હતા તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. રાજ્યનો દવાઓની નિકાસનો ગ્રોથ ગયા વર્ષે ડબલ ડિઝીટ ૧૧ ટકાને પાર કરી ગયો છે તેમજ ફાર્મા સેક્ટર અંદાજે ૧ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ફાર્મેકસીસના ડાયરેકટર જનરલ રાજીવ ઉદય ભાસ્કરે આ પ્રદર્શનીનો હેતુ અને આયોજનની ભૂમિકા આપી સૌને આવકાર્યા હતા. ગુજરાતમાં આ પ્રદર્શની યોજીને ફાર્માસ્યુટીકલ સેક્ટરને એક નવી દિશા મળી છે એનો આનંદ તેમણે દર્શાવ્યો હતો.

આઈફેકસ-૨૦૧૯ના ચેરમેન વિજયભાઈ શાહે સૌનો આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીએ પ્રદર્શનીમાં વિવિધ ફાર્મા પ્રોડકટસના સ્ટોલ્સની પણ મુલાકાત લીધી હતી.

## નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની અંતિમ ફિલ્મ કન્નડ ભાષામાં બનેલી 'અપના દેશ' હતી, જે ૨૬ ઓગસ્ટના રોજ રિલીઝ થઇ હતી. બોલીવુડની તેમની અંતિમ ફિલ્મ 'ટાઈગર જિંદા હે (૨૦૧૭)હતી. હિંદીમાં તેમણે 'નિશાંત' (૧૯૭૫), 'મંથન' (૧૯૭૬) અને 'પુકાર' (૨૦૦૦) જેવી ફિલ્મો કરી. નાગેશ કુકુનૂરની ફિલ્મો 'ઈકબાલ' (૨૦૦૫), 'ડોર' (૨૦૦૬), '૮ બાય ૧૦ તસવીર' (૨૦૦૯) અને 'આશાઓ' (૨૦૧૦)માં પણ તેમણે અદાકારી દર્શાવી છે.

## ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ આજે એક મહત્વની બેઠક યોજી હતી અને અરબી સમુદ્રમાં સર્જાયેલી સીસ્ટમ આગામી છ કલાકમાં ભારે સિસ્ટમમાં પરિવર્તિત થઈ રહી છે. હાલ આ સિસ્ટમ વેરાવળથી ૯૩૦ કિમી દુર છે. થોડા કલાકો બાદ આ સીસ્ટમ સાયક્લોનમાં પરિવર્તિત થઈ જશે. રાજ્યના તમામ પોર્ટ પર એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જામનગર, પોરબંદર. ઉના, જાફરાબાદ, વેરાવળ સહિતના બંદરો પર એક નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી દેવામાં આવી છે. રાજયમાં જોરદાર વાવાઝોડા સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈ સંભવિત સ્થાનો પર એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો તૈનાત કરી દેવાની તજવીજ હાથ ધરાઈ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે, બે દિવસ બાદ તા.૧૨ જૂનથી રાજ્યમાં વરસાદની અસર શરૂ થશે. ૧૩ જૂનના રોજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, જૂનાગઢ અને કચ્છ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડશે.

## નિવૃત્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. ત્યારબાદ વિન્ડિઝના પ્રવાસે ગયેલી ટીમનો હિસ્સો પણ રહ્યો હતો. યુવરાજે પોતાની વનડે કેરિયરની અંતિમ મેચ ૩૦મી જાન્યુઆરી ૨૦૧૭ના દિવસે વિન્ડિઝ સામે એન્ટીગુવામાં રમી હતી. પોતાની નિવૃત્તિની જાહેરાત કરતા યુવરાજસિંહે કહ્યું હતું કે, બાળપણથી જ તેના પિતા દેશ માટે રમવાના સ્વપ્રને પુર્ણ કરવાના પ્રયાસમાં લાગેલા હતા. યુવરાજે પોતાની ક્રિકેટ કેરિયરની વાત કરતા કહ્યું હતું કે, પોતાની ૨૫ વર્ષની કેરિયર અને ખાસ કરીને ૧૭ વર્ષની આંતરરાષ્ટ્રીય કેરિયરમાં અનેક ઉતારચઢાવ આવ્યા હતા. હવે તે આગળ વધવાનો નિર્ણય કરી ચુક્યો છે. આ ક્રિકેટની રમતથી તેને ઘણું શિખવા મળ્યું છે. કઈરીતે સંઘર્ષ કરવું જોઈએ તે બાબત પણ શિખવા મળી છે. યુવરાજસિંહે એક ક્રિકેટર તરીકે સફળતા હાંસલ કરવા બદલની ક્રેડિટ પોતાના પિતાને આપી હતી.

યુવરાજે કહ્યું હતું કે, લાઈફમાં ક્યારે પણ હાર સ્વીકારી નથી. પિતાના સ્વપ્રને પૂર્ણ કરવા માટે સતત મહેનત કરી હતી. નિવૃત્ત થયા બાદ યુવરાજસિંહે પત્રકાર પરિષદમાં અનેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા. યુવરાજે કહ્યું હતું કે, આઈપીએલના ગાળા દરમિયાન તે સચિન સાથે નિવૃત્તિ અંગે વાત કરી રહ્યો હતો. સચિને તેને કહ્યું હતું કે, કેરિયર ક્યારે ખતમ કરવી છે તે અંગે નિર્ણય પોતાના સિવાય અન્ય કોઈ લઈ શકે નહીં. વધારે ટેસ્ટ મેચ રમવાની તક મળી નથી તેને લઈને દુખ રહ્યું છે.